# 24 GAM VIBRANT
# News Letter

XXIV GAM VIBRANT

Chief Editor : Mr. V. F. Patel - Meghva

For Private Circulation

March 2007



**Chovis Gam Patel Samaj**
President: Shri Rambhai D. Patel - Kavitha
Secretary: Shri Ramanbhai M. Patel - Ashi

❀

**Chovis Gam Kelavani Mandal**
President: Shri Dineshbhai P. Patel - Shihol
Secretary: Shri Vitthalbhai K. Patel - Vahera

❀

**Chovis Gam Sachchidanand Medical & Research Centre**
President: Dr. Pareshbhai Patel - Vasna
Secretary: Shri Pravinbhai S. Patel - Vahera

❀

**Natu (Dean) Patel [Simarda]**
NRI Executive Member
70 Maybrook Drive
Scarborough ONT MIV 4B6
Canada
Ph: (416) 292 8654 (Toronto)
Email: Natu@milplexcircuit.com

❀

**Vimal Patel (Joshikuva)**
NRI Executive Member
26, Metthew Court
Piscataway, NJ 08854
U.S.A.
Ph: 732-463-7513 (U.S.A.)
Email: vimalmpatel@hotmail.com

**Office:**
The Excellent English Medium School
At & Po. Vahera, Ta: Borsad (Anand)
Gujarat, India. 388 540
Ph : (02696) 221712, 220321, 222654
Email: teams73238@yahoo.co.in


## વાત અમારી, ..............................

સુજ્ઞ વાચક, સાદર પ્રણામ.

ચોવીસ ગામ Vibrant News Letter માં આપનું સ્વાગત છે.

ચોવીસ ગામ પટેલ સમાજ માતૃસંસ્થા હવે માત્ર સામાજિક કાર્યો જ નહીં પણ કેળવણી અને આરોગ્ય અંગે પણ પોતાનો સેવા વિસ્તાર સમાજ સાથે આસપાસના તમામ લોકો માટે કરે છે. ચોવીસ ગામ કેળવણી મંડળ અને ચોવીસ ગામ સચ્ચિદાનંદ મેડીકલ એન્ડ રીસર્ચ સેન્ટર બન્ને અલગ રજીસ્ટર સંસ્થાઓ છે જેની સાથે આખો ચોવીસ ગામ પટેલ સમાજ, દેશ પરદેશ વસતા ચોવીસ ગામ પટેલ સમાજના સભ્યો સંકળાયેલા છે. તેમની સાથે સંપર્ક સાધી શકાય અને તેઓને સમાજ તથા સંસ્થાઓની પ્રવૃત્તિઓ ના સમાચાર મળતા રહે તે માટે ચોવીસ ગામ Vibrant (news letter) સંપર્ક સેતુ તરીકે આપના હાથમાં છે. આપને સમાજ કે આપણી સંસ્થાઓ માટે માહિતી જોઈતી હોય તો આપ અમારો અચૂક સંપર્ક કરશો તો અમે આપને વ્યક્તિગત માહિતી પણ પુરી પાડીશું. આપના ગામના સમાચાર, અવસાન નોંધ, કોઈની શૈક્ષણિક કે અન્ય સિધ્ધિ, આપની મુંઝવણ, આપના પ્રશ્નો આ બધાનો અમે આ પત્રમાં સમાવેશ કરવા માંગીએ છે. અને તેમાં આપના ગામના સક્રિય યુવાનોનો સાથ સહકારની અપેક્ષા રાખીએ છે. આ પત્રના પ્રકાશન અને રવાનગી ખર્ચ માટે આર્થિક મદદની જરૂર છે. બોલો, તમે અમને કેવી રીતે મદદરૂપ થશો?

તમામ સંસ્થાઓના હિસાબો ( K.G.PATEL & CO.) ઓડીટ થાય છે. જે વાર્ષિક સાધારણ સભામાં રજુ કરવામાં આવે છે.

આ પત્રમાં સંસ્થા અંગે માહિતી આપવામાં આવી છે. વિગતે માહિતી જોઈએ તો સંસ્થાની મુલાકાતે આવો તો અમને આનંદ થશે.

તમામ દાતાઓ, ટ્રસ્ટીઓ, મંડળના પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આપના સાથ સહકારની અપેક્ષા સહ.

સમાજના ગામોનો પરિચય આપતું પુસ્તક તૈયાર કરવું છે. તો તમારા ગામની સંપૂર્ણ માહિતી ઈતિહાસ - ભૂગોળ સાથે અમને પહોંચાડવા વિનંતી છે.

**શ્રી વિઠ્ઠલભાઈ પટેલ**

આ પત્રના શુભેચ્છક શ્રી સ્વ. ઈશ્વરભાઈ પુરસોત્તમભાઈ પટેલ
પરિવાર બોદાલ

હસ્તે વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ પટેલ બોદાલ

# Chovis Gam Kelavani Mandal
## Manages
## "The Excellent English Medium School "

Covering

1. S. D. PATEL PRE PRIMARY (Jr. & Sr. K. G.)
2. B. D. PATEL PRIMARY (Std. 1 TO 7)
3. K. M. PATEL SECONDARY (Std. 8 TO 10)
4. BOY'S HOSTEL [Mr. R. Z. PATEL BOY'S HOSTEL]
5. GIRLS HOSTEL
6. STAFF QUARTERS
7. BUSES FOR TRANSPORTATION OF PUPILS.

More than 950 students from 24 villages study in the school under the team of young, trained and qualified teachers. The S. S. C. results are very high. The S. S. C. results of March 2006 79.25% quality of the passed students 20 students got more than 70%, more than 60% are gained by 13 students. No Pass Class. Our students of S. S. C. Bhavik B. Patel, Dabhasi got 90.86% he was given the cash prize of Rs. 5000/- by our secretary Mr. V. K. Patel - Vahera. Students teachers and parents deserve praise for our achievements. Besides teaching subject so many co-curricular, extra curricular and cultural activities are arranged for the all round development of our students. Sports and games, song, performing art, creative writting, drawing and projects are our specialties.

The 15th Annual Day and Prize distribution was held on 27th February 2007. Dr. M. C. Patel, The Secreatary of Sattavis Gam Kelavani Mandal, Changa College Complex and Mr. Sureshbhai Patel of Bodal were the Chief Guest, Mr. Natu (Dean) Simarda (Canada), Mr. Vinubhai Patel of Virol etc. NRI guests and donors, Trustees were on the stage. Mr. Dinubhai P. Patel Presided the function. The Secretary and Jt. Secretary, The Treasurer and members of the governing body, were present. The staff members Teachers and non-teaching staff did their best to make the function success. Bright students were given prizes for their achievements. The talented students of the school presented different cultural programe and made the function memorable.

All the founders, donors, well wishers and NRI's were remembered with reverence on the occasion. The management expressed the sense of gratitude to all and appealed for the same support and co-operation Parents were in the audience to encourage their children.

We all here do our best to justify the title of our school "The Excellent English Medium School "

We aim at setting up colleges on the complex.

The construction of fencing wall is going on.

We wel-come your constructive and applicable suggestion.

## Achievement by students in S. S. C. Examination

| No. | Year | No. of Students Appeared | No. of Students Passed | School's Result in % | First in school with % |
|---|---|---|---|---|---|
| 01 | 2001 | 23 | 22 | 95.65% | Kinnari J. Patel 81.71 % |
| 02 | 2002 | 28 | 28 | 100% | Niranjan N. Prasad 80.29 % |
| 03 | 2003 | 29 | 29 | 100% | Kinjal D. Patel 83.42 % |
| 04 | 2004 | 33 | 32 | 97.00% | Pratik J. Patel 81.00 % |
| 05 | 2005 | 26 | 19 | 73.07% | Dhaval K. Thakkar 83.71 % |
| 06 | 2006 | 53 | 42 | 79.25% | Bhavik B. Patel 90.86 % |

# સમાજના પગથારે થી ..........

ચોવીસ ગામ પટેલ સમાજ ચરોતર પ્રદેશમાં અસ્તિત્વ ધરાવતા પટેલ સમાજના ગોળ પૈકી એક સામાજિક સંગઠન તરીકે પોતાની આગવી પ્રતિભા ધરાવે છે. બોરસદ - આંકલાવ - પેટલાદ અને આણંદ તાલુકાના નાનાં મોટા ૨૪ ગામો સામાજીક સાંસ્કૃતિક રોટી - બેટી વ્યવહારથી સંકળાયેલ સંગઠિત સમૂહ છે. બદલાયેલ સમયમાં પ્રવાહમાં ગોળમાં અનેક પરિવર્તનો આવ્યા છે. એટલે ૨૫ વર્ષ પહેલાના બંધનો આજે નથી. છતાંય ૨૪ ગામ પટેલ સમાજ ચરોતરના અન્ય સમાજોની જેમ જ પોતાની આગવી ઓળખ ધરાવે છે. સમાજના ગામોના પરિવારો એકબીજાના સામાજિક સબંધોથી જોડાઈને એક વિશ્વ રાષ્ટ્રિયતા કેળવાતી જોવા મળે છે. સામાજિક બંધનો ઢીલા સહય થઈ સ્વીકાર પામી વિસ્તરે છે અને ૨૪ ગામોમાં અન્ય સમાજની દિકરીઓ આવે છે. તો અન્ય સમાજો માં દિકરો પરણાવે છે. પસંદગીના બહાના હેઠળ કે જરૂરીયાતને કારણે આ બધુ થાય છે. પણ હવે સમાજની વિચાર ધારા વિશાળ થઈ છે. એટલે આ ગોળ બંધનો વ્યકિત વિકાસ અને ઘડતરમાં બાધા રૂપ થતા નથી. આમ હોવા છતા ૨૪ ગામ પટેલ સમાજ માતૃ સંસ્થારૂપે પોતાનુ અસ્તિત્વ ધરાવે છે. તે તેની જાગૃત્તિ અને આંતરિક શકિતના કારણે એટલે હવે પટેલ સમાજ એટલે માત્ર રોટી - બેટી વ્યવ્હાર માટે નું એક સંગઠન નહીં, પણ સાથે મળી પોતાના વિકાસ અને સમૃધ્ધિ સાથે અન્યના હિતને પણ જાળવનાર જન સમૂહ જે બંધનો નહી પણ સંપ અને સહકારથી જાહેર સેવાના કાર્યો પણ કરે છે. ૨૪ ગામ પટેલ સમાજ તેની કેટલીક સામાજીક સેવા પ્રવૃતિઓનો ગૌરવ પૂર્ણ ઈતિહાસ કહી શકે તેમ છે તેની ઝલક ........ (૧) સમાજ સેવાના ભાગરૂપે સમૂહ લગ્નોનું દર વર્ષે આયોજન કરે છે. સમાજના ગામના યજમાન પદે સમૂહલગ્નો જે તે ગામમાં યોજાય છે અને તેમાં જોડાનાર યુવક - યુવતીઓને સુખી લગ્ન જીવનની શુભ કામનાઓ સાથે જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ તથા બચતપત્રો રૂપે લક્ષ્મી પણ આપવામાં આવે છે. કન્યાઓની અછતના કારણે ગુજરાતના કોઈપણ લેઉઆ પટેલ પોતાની દિકરી ૨૪ ગામ પટેલ સમાજના યુવક સાથે પરણાવનાર કન્યાના પિતાને આ સમૂહ લગ્નનો લાભ મળે છે. ચાલુ સાલે ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૭ માં ૨૪ ગામ પટેલ સમાજનો ૨૪ મો સમૂહ લગ્નનોત્સવ બોદાલ મુકામે યોજાયો હતો. જેમાં ૨૫ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. સમગ્ર બોદાલ ગામે એક થઈ સમૂહ લગ્નોત્સવને યાદગાર બનાવ્યો હતો. ગામના પરદેશ - U.S.A. માં વસતા તમામ સભ્યોએ આર્થિક સહાય માથે કરી લીધી અને આખા ગામે ઉત્સવ ઉજવ્યો. ૨૪ ગામ પટેલ સમાજની રીત રસમને ગૌરવ અપાવે તેવો ઉત્સવ યાદગાર અને પ્રેરણારૂપ હતો. ૨૪ ગામ પટેલ સમાજે તેને દીપાવ્યો હતો. અલબત્ત સમૂહ લગ્નનાં આયોજનમાં હજુ ઘણુબધુ કરવાનું રહે છે. સમગ્ર સમાજના સાથ સહકારથી આયોજનમાં સુગમતા અને વધારે વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. સમાજના સભ્યો કારોબારી સભ્યોએ આના માટે સાથ સહકાર આપવો પડશે અને તે માટે અમે અપીલ કરીએ છીએ આપના સહકારની. સમાજ માત્ર સમૂહ લગ્નનું જ આયોજન કરતો નથી. સમાજના તેજસ્વી બાળકો S.S.C. કે તેનાથી આગળના અભ્યાસમાં ઝળહળતી ફતેહ મેળવનાર યુવક - યુવતીઓનું યોગ્ય પુરસ્કારથી જાહેર સન્માન કરવામાં આવે છે. સમાજના તમામ સભ્યોને વિનંતી છે કે વર્ષની વાર્ષિક પરીક્ષા પુરી થયા બાદ પરિણામ આવે પછી સમાજના કાર્યાલયનો અચૂક સંપર્ક કરવો. આ સિવાય પણ સમાજ અન્ય જાહેર સેવાઓ કરવાની નેમ રાખે છે. આ સેવા યજ્ઞમાં આપનો તન - મન અને ધનથી સહકાર મળે તે માટે અમે આપને હાર્દિક વિનંતી કરીએ છીએ.

૨૪ ગામ કેળવણી મંડળ ધી એકસલન્ટ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ચલાવે છે. માતૃસંસ્થા ૨૪ ગામ પટેલ સમાજની પ્રવૃત્તિઓનો વિસ્તાર છે. એક હજાર બાળકો માત્ર ૨૪ ગામોનાજ નહી પરંતુ ૩૪ ગામોના બાળકો સંસ્થામાં ભણે છે. તેનું સમાજને ગૌરવ છે. ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણની સગવડો ઉભી કરવાની છે. તેમાં ભૂતકાળમાં જેવો સાથ સહકાર આપ સર્વેએ આપ્યો છે તેવો સાથસહકાર આપશો જ એવી અમારી નમ્ર અરજ છે.

૨૪ ગામ સચ્ચિદાનંદ મેડીકલ એન્ડ રીસર્ચ સેન્ટર આ વિસ્તારની તમામ જનતાના સુઆરોગ્ય માટે શરુ કરવામાં આવેલી આપણી બીજી જાહેર સેવા છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થનાર આ હોસ્પિટલ આ વિસ્તારના તમામ લોકોને આર્શિવાદ રૂપ થઈ પડશે. આ આપણા સમાજના ગૌરવ રૂપ સોંપાનમાં આપનો સાથ સહકાર મળી રહેશે તેનો અમને વિશ્વાસ છે. સમાજના વિકાસ માટે થતી જાહેર પ્રવૃત્તિઓની માહિતી સચવાઈ રહે અને બહોળા સમાજ સુધી પહોંચે તે માટે " ૨૪ ગામ વાઈબ્રન્ટ " નામનો વિભાગ શરુ કરેલ છે. તમારા હાથમાં આ ન્યુઝ લેટર તેનું પ્રથમ પુષ્પ છે. સમાજની પ્રવૃત્તિઓથી દેશ - પરદેશમાં રહેતા તમામ વાકેફ થાય તે માટે પ્રકાશન કાર્ય કરશે. ભવિષ્યમાં અન્ય પ્રકાશનોની પણ નેમ છે. આ સિવાય પણ અનેક પ્રવૃત્તિઓ શરુ કરવાની છે. આ તમામ જાહેર સેવા પ્રવૃત્તિઓ માં આપના સાથ સહકારની જરૂર પડશે જ. આપને જે સ્વરૂપે સહાયરૂપ થવું હોય તે માટે અમારુ આપને નિમંત્રણ છે. સમાજની પ્રવૃત્તિઓ માં અચૂક જોડાઈ કંઈક સમાજ સેવા કર્યાનો આનંદ લઈ શકો તે માટે અમે આપને આવકારીએ છીએ.

આપના સલાહ સૂચનો મંડળના કાર્યાલયે મોકલી આપશો તો અમને ખૂબ આનંદ થશે.

સમાજની થતી પ્રવૃત્તિઓ માં આપે આપેલ સાથ સહકારની નોંધ લઈ અમે આપનો આભાર માનીએ છીએ.

જય જગત ........ જય ચોવીસ ગામ પટેલ સમાજ

**મંત્રી,**

**ચોવીસ ગામ પટેલ સમાજ**

# ચોવીસ ગામ સચ્ચિદાનંદ મેડીકલ એન્ડ રીસર્ચ સેન્ટર, બોરસદ પ્રોગ્રેશ રીપોર્ટ ....

**Reg. No. B. P. T. Act. F / 902 / Anand Reg. No. Sos. Act. Guj / 946 / Anand**

૨૦૦૫ માં સ્થાપવામાં આવેલ આપણા આરોગ્ય મંડળે તેના ટૂંકા ગાળામાં આખા પ્રોજેક્ટ માટે ૫૧૨ ગુંઠા જમીન સંપાદિત કરી તેના પર બાંધકામ કરવા માટે સરકારી મંજુરી મેળવવા કાર્યવાહી ચાલે છે. સરકારી મંજુરી મળ્યે બાંધકામ શરુ કરી દેવાની તમામ તૈયારીઓ થઇ ગઇ છે. આપણી જમીન પર આપણા અદ્યતન મકાનમાં વૈદકીય સેવાઓ શરુ થાય તે પહેલા દવાખાનાની સેવાઓ લોકોને મળે તે માટે ગુજરાત સરકાર સંચાલિત આંકલાવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું સંચાલન કરવા મંડળે પ્રયત્ન કર્યા પણ સરકાર સાથેની શરતો અને થનાર ખર્ચને ધ્યાનમાં રાખી સરકારે સંચાલન માટે મંજુરી આપી છતા આપણે કાર્ય સ્વીકાર્યું નથી. બોરસદ નગરપાલિકા સંચાલિત પી. કે. પટેલ હોસ્પિટલ દ્વારા સેવા શરુ કરવા પ્રયત્ન કર્યા પણ તે કાર્યન્વિત થાય તેમ લાગતું નથી. બોરસદમાં હોસ્પિટલ શરૂ કરવાની ઓફર પણ આવી હતી. ત્યાર બાદ તા. ૦૫/૦૨/૨૦૦૭ ના રોજ મળેલ કારોબારીમાં આ અંગે ચર્ચા થતા હાલમાં ચોવીસ ગામ કેળવણી મંડળ દ્વારા બાંધવામાં આવેલ કન્યા છાત્રાલયનો ઉપયોગ કરી દવાખાનું શરૂ કરવાની દરખાસ્ત કેળવણી મંડળના પ્રમુખ અને ઉપપ્રમુખ તથા મંત્રી વગેરેએ કરી. તેમાં જરૂરી ફેરફાર કરવા શ્રી. રમણભાઇ પટેલ (વાસણા) ને જવાબદારી સોંપી. હવે આ માટે ડૉ. પરેશભાઈ ને હોસ્પિટલ માટે જરૂરી સાધનો ખરીદવા તથા સ્ટાફ ભરતી કરવા માટેની સત્તા આપવામાં આવી છે. ચર્ચાના અંતે હોસ્ટેલના મકાનનું નિરીક્ષણ કર્યા બાદ ડૉ. પરેશભાઇ એ કેળવણી મંડળની હોસ્ટેલમાં જરૂરી સગવડો ઉભી કરી દવાખાનું વહેલામાં વહેલી તકે શરૂ કરી દેવાનો પોતાનો નિર્ણય તે જ દિવસે જાહેર કર્યો જેને ઉપસ્થિત તમામે હર્ષ સાથે વધાવી લીધો હતો.

આરોગ્ય વિષયક જાગૃત્તિ લાવવા માટે જુદા - જુદા કાર્યક્રમો તથા કેમ્પ કરવા માટેની પણ સદર સભામાં ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમોનું આયોજન કરી હવે પછી તેની જાહેરાત કરવામાં આવશે. ગામોમાંથી કાર્યકરોની ટુકડીઓ આ કાર્યમાં મદદરૂપ થાય તે માટે તૈયાર કરવાનું નકકી કરવામાં આવ્યુ. આ માટે જરૂરી સાહિત્ય છપાવવાની પણ ચર્ચા થઇ બધાએ ઉત્સાહભેર ખભેખભા મિલાવીને નવા આરોગ્યના કાર્યને જનસેવાનું સ્વરૂપ આપવાની ખાત્રી આપી છે.

**Book - Post**

**To,** ______________________

______________________

______________________

______________________

**From:-**
**The Excellent English Medium School**
At & Po. Vahera - 388 540, Ta: Borsad,
Di: Anand, Gujarat, India.
Ph : (02696) 221712, 220321, 222654